Public Affairs Office
of the
U.S. Consulate General, Mumbai

PRESS RELEASE

4, New Marine Lines, Mumbai 400 020 Tel: 91-22-22624590 Fax: 91-22-22624595/22626800
Visit us at: <http://mumbai.usconsulate.gov>

૧૬ જુલાઈ, ૨૦૦૭

રાજકોટના અમીન-એ-શરિયત ટ્રસ્ટને અમેરિકન અધિકારી પુસ્તકો આપશે

રાજકોટ, ધ્રોળ, મુંબઈ સ્થિત અમેરિકન સેન્ટરના નિયામક એલિઝાબેથ કૉફમેને ધ્રોળ મદરેસા ખાતે અમીન-એ-શરિયત એજયુકેશન ટ્રસ્ટની અમેના રાજકોટ ખાતેના રોકાણ દરમિયાન ૧૬ જુલાઈ, ૨૦૦૭ ના સોમવારે મુલાકાત લીધી હતી.

આ વિસ્તારમાં શિક્ષણ અને સમાજકલ્યાણ ક્ષેત્ર ખાતે મદ્રેસાના યોગદાન બદલ સુશ્રી કૉફમેને 'ઈંગ્લીશ એઝ એ સેકન્ડરી લેંગ્વેજ' (ઈએસએલ) બૂક કલેકશન ભેટ આપ્યુ હતું. એમણે સંકુલની મુલાકાત લઈ મદ્રેસાના વિદ્યાર્થી અને શિક્ષકો સાથે તથા સ્થાનિક આગેવાનો, દાતાઓ અને કેળવણીકારો સાથે વાતો કરી હતી.

રાજકોટની પડોશમાં ધ્રોળનો મદ્રેસા સૌથી મોટો છે, અને ધાર્મિક ઉપરાંત બિનસાંપ્રદાયિકતાનું શિક્ષણ આપે છે તથા ૭૫૦ જેટલા સામાજીક અને આર્થિક રીતે પછાત બાળકોને સહાય કરે છે.

રાજકોટ અને જામનગર ખાતે ૧૬ જુલાઈ થી ૧૯ જુલાઈ સુધીના યુ.એસ. કોન્સ્યુલેટ જનરલના ૩ દિવસના "અમેરિકા ડેઝ"ની ઉજવણીના ભાગરૂપે આ મદ્રેસાની મુલાકાત ગોઠવાઈ હતી.